હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બહેન આશ્ચર્ય છે કે આ ગામમાં એવા બાળકો છે જે જંકફુડ નથી ખાતા મોબાઈ એડિક્ટ પણ નથી... તો પણ બિમાર છે...!!

હવે, મહારાષ્ટ્રની જેમ ગુજરાત સરકાર પણ વિચારણા કરી શકે

ગુજરાતમાં પાટીદારોને અનામત આપવા માંગ : પાસની કોર કમીટીએ ફરી ઓબીસી પંચ સમક્ષ રજૂઆત કરી : પંચ સરકારના અભિપ્રાય આધારે સર્વે હાથ ધરશે

ગાંધીનગર,તા.૨૯

મહારાષ્ટ્ર સરકાર દ્વારા મરાઠાઓને અનામત આપવાની જાહેરાત કર્યા બાદ આજે ૧૬ ટકા અનામત આપવાનું વિધેયક પસાર કરી સમગ્ર દેશમાં ભારે ચર્ચા જગાવી છે ત્યારે હવે ગુજરાતમાં પણ ભાજપની જ સરકાર હોઈ મહારાષ્ટ્ર સરકારની પેટર્ન પર ગુજરાત સરકાર પણ પાટીદારોને અનામત મામલે આગળ વધી શકે તેવી શકયતા પ્રવર્તી રહી છે. જો કે, તે પહેલાં ઓબીસી પંચ સરકારના અભિપ્રાયના આધારે સર્વે હાથ ધરશે અને આ મામલે હવે કંઈ ડેવલપમેન્ટની સંભાવના જણાય છે. બીજીબાજુ, પાટીદાર આંદોલનકારી નેતાઓએ પણ આજે મહારાષ્ટ્ર સરકારના મરાઠાઓને અનામત આપતા વિધેયકની જાહેરાત બાદ ગુજરાતમાં પાટીદારોને અનામત આપવાની પોતાની માંગણીનો પુનરોચ્ચાર કર્યો હતો અને ભાજપ સરકારને દ્રઢ ઈચ્છાશકિતથી આ મામલે હકારાત્મક અભિગમ અપનાવી અમલવારી કરવા અનુરોધ કર્યો છે. પાટીદારોને અનામત અપાવવા યુવાઓ આંદોલન કરી રહ્યા છે. આવા સમયે મહારાષ્ટ્રમાં મરાઠાઓને ૧૬ ટકા અનામત આપવાનું વિધયકને સરકારે મંજૂરી આપી છે. હવે ગુજરાત સરકાર પણ પાટીદારોને અનામત આપવા અંગે ઝડપથી પ્રક્રિયા શરૂ કરે તેવી શકયતાઓ છે. દરમ્યાન સુજ્ઞાબહેન ભટ્ટના ઓબીસી પંચ સમક્ષ આજે પાસની કોર કમીટીના આગેવાનો ફરી અનામત મામલે રજૂઆત કરવા પહોંચ્યા હતા અને પોતાના મુદ્દાઓની ફરી રજૂઆત કરી ઝડપભરે સર્વે કરવા અનુરોધ કર્યો હતો. જેથી હવે પંચ દ્વારા ગુજરાત સરકાર પાસે અભિપ્રાય માંગવામાં આવશે. સરકારના અભિપ્રાયના આધારે ઓબીસી પંચ દ્વારા ગુજરાત રાજયમાં પાટીદાર જ્ઞાતિનો સર્વે હાથ ધરશે અને ત્યારબાદ આગળની પ્રક્રિયા શકય બનશે. દરમ્યાન મહારાષ્ટ્ર સરકાર દ્વારા મરાઠાઓને અનામત આપતું વિધેયક પસાર કરાયા બાદ આજે પાસના કન્વીનર હાર્દિક પટેલે પોતાની પ્રતિક્રિયામાં જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર સરકારે મરાઠા સમાજને ૧૬ ટકા અનામત આપતુ વિધયક આજે પસાર કર્યું છે. ગુજરાતમાં અનામત આંદોલનની લડાઈ વધુ મજબૂત બને એ હેતુથી આવનારા દિવસોમાં ઉત્તર ગુજરાતમાં સૌથી મોટું મહિલા સંમેલન યોજાશે.

આ જ પ્રકારે અતુલ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર ધારે તો મહારાષ્ટ્રની જેમ આગળ વધે. ફડણવીસ ત્રણ પગથિયાં ચઢ્યાં છે. ગુજરાતની ભાજપ સરકાર હજી કુંભકર્ણની જેમ ઊંઘે છે અને પાટીદારોને ગોળ ગોળ ફેરવે છે. કોઈપણ સમાજનો હક્ક છીનવ્યા વગર ઉકેલ લાવો. તો, એસપીજી નેતા લાલજી પટેલે પણ ભાજપ સરકાર પર પ્રહારો કર્યા હતા કે, મહારાષ્ટ્રમાં પણ ભાજપ સરકાર છે અને ગુજરાતમાં પણ ભાજપ સરકાર છે તો મહારાષ્ટ્રમાં કેમ થોડા સમયમાં જ અનામતનો મુદ્દો હલ થઈ ગયો અને મરાઠાઓને અનામત મળી ગઈ અને ગુજરાતમાં કેમ વર્ષોથી આ સમસ્યા હલ થતી નથી. વાસ્તવમાં ગુજરાતમાં પાટીદારોને અનામત મુદ્દે ભાજપ સરકારની કોઈ ઈચ્છાશકિત જ નથી.

ઓબીસી પંચ-સરકાર હવે શું કરી શકે છે...

- ઓબીસી પંચ સરકાર પાસે અભિપ્રાય માંગશે
- તેના આધારે સર્વે હાથ ધરશે
- બાદમાં પાટીદારોને અનામત મળે કે કેમ તેનો રિપોર્ટ તૈયાર કરશે
- કેટલી અનામત આપવી કે નહીં અને ટકા કેટલી રાખવી તે નિશ્ચિત કરાશે
- પંચના રિપોર્ટને આધારે વિધાનસભામાં બિલ પસાર કરી શકે છે

પૂજ્ય 'ઠક્કર બાપા'ની જન્મજયંતી નિમિત્તે પુષ્પાંજલિ અપાઇ

'ઠક્કર બાપા' ના હુલામણા નામથી જાણીતા શ્રી અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કરની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે વિધાનસભા પોડિયમમાં આવેલી તેમના તૈલચિત્રને તા. ૨૯મી નવેમ્બરના રોજ ગુજરાત વિધાનસભાના સચિવ શ્રી ડી.એમ.પટેલના હસ્તે ભાવસભર પુષ્પાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે વિધાનસભાના ઉચ્ચ અધિકારીઓ-કર્મચારીઓએ ઉપસ્થિત રહીને પૂજ્ય ઠક્કર બાપાની પ્રતિમાને પુષ્પ અર્પણ કર્યા હતા.

આજે ચૌધરી કોલેજ ખાતે રાજ્ય કક્ષાની જુનિયર ફેન્સીંગ સ્પર્ધા

ગાંધીનગર, તા. ૨૯

એમેચ્યોર ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના ઉપક્રમે ગાંધીનગર જિલ્લા ફેન્સીંગ એસોસીએશન અને ગુજરાત સ્પોર્ટસ એકેડમી દ્વારા અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગરના સહયોગથી રાજયકક્ષાની જુનિયર ફેન્સીંગ સ્પર્ધાનું આયોજન તા. ૩૦-૧૧-૨૦૧૮ના રોજ કરવામાં આવ્યું છે.

સ્પર્ધાના ઉદ્ઘાટન પ્રસંગે અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરીભાઈ ચૌધરી, સ્પર્ધાના આયોજન પ્રમુખ સંજીવભાઈ મહેતા, એમેચ્યોર ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના પ્રમુખ મનીષકુમાર સોલંકી, મંત્રી ભરતજી ઠાકોર, સંસ્થાના કેમ્પસ ડાયરેકટર યશવંતભાઈ ચૌધરી અને વિવિધ જિલ્લાના પદાધિકારીઓ અને કોચીઝ ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કરશે. સ્પર્ધામાં જુદા જુદા જિલ્લામાંથી ૭૫ જેટલા સ્પર્ધકો ભાગ લઈ પોતાનું કૌવત દાખવશે. આ સ્પર્ધામાંથી રૂદ્રપુર, ઉત્તરાખંડ ખાતે યોજાનાર જુનિયર નેશનલ સ્પર્ધા માટે ગુજરાતની ટીમની પસંદગી કરવામાં આવશે. જે તા. ૨૪-૧૨-૨૦૧૮ના રોજ સ્પર્ધામાં ભાગ લેવા અમદાવાદથી નિકળશે. સ્પર્ધાના આયોજનમાં જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયના ડી.એલ.એસ.એસ. મેનેજર રીગ્નેશભાઈ ચૌધરી, ટ્રેનર હાર્દિકજી ઠાકોર, વ્યાયામ શિક્ષિકા લીલાબેન ચૌધરી, હેતલબેન દેસાઈ અને વિનાક્ષીબેન સુતરીયા જહેમત ઉઠાવી રહ્યા છે.

મસાલાના પ્લાસ્ટીકના કાગળનો જથ્થો તંત્રએ પકડી પાડ્યો

સે-૨૨માંથી ૧૦૫ કિલો પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત, વેપારીઓમાં ફફળાટ ફેલાયો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી મહાનગર પાલિકાની ટીમ દ્વારા પ્લાસ્ટીક ઝુંબેશ ચાલી રહી છે. આ ઝુંબેશને પગલે શહેરના વિવિધ સેકટરોમાં આવેલી દુકાનોમાંથી પ્રતિબંધિત પ્લાસ્ટીકની ચીજવસ્તુઓ ઝપ્ત કરવામાં આવે છે. પ્લાસ્ટીકના વપરાશથી પર્યાવરણને ખતરો હોવા છતા નાગરીકો બેફામ પણે ઉપયોગ કરે છે. શહેરમાં પ્લાસ્ટીકની ચીજવસ્તુઓનું વેચાણ અને વપરાશ વધતા તંત્રએ કમરકસી છે. શહેરમાંથી આજે સેકટર-૨૨ સ્થિત દુકાનમાંથી પાન મસાલાના ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટીકના કાગળનો ૧૦૫ કિલોનો જથ્થો મહાનગર પાલિકાની ટીમે ઝડપી પાડ્યો હતો. મનપાની ટીમે જથ્થો ઝડપી પાડતા અન્ય વેપારીઓમાં હાહાકાર મચી જવા પામ્યો હતો. જયારે કેટલાક વેપારીઓએ પ્લાસ્ટીકનો જથ્થો સગેવગે કરી દીધો હતો.

ગાંધીનગર શહેરને પ્લાસ્ટીક મુકત બનાવવા માટે તંત્રની ટીમના અધિકારી-કર્મચારીઓ રાત દિવસ એક કરી રહ્યા છે. ત્યારે શહેરમાં પ્લાસ્ટીકની ચીજવસ્તુઓ નો બેફામ ઉપયોગ વેપારીઓ અને નાગરીકો કરી રહ્યા છે. ચા ના કપથી લઈને માવાના કાગળ સુધી પ્લાસ્ટીકનો ઉપયોગ થઈ રહ્યો છે. જયારે શહેરના શાકભાજી બજારમાં પણ પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ થાય છે. કોઈપણ શાક ખરીદી કરો એટલે વેપારી પ્લાસ્ટીકની બેગમાં જ આપે છે. ત્યારે તંત્ર દ્વારા તાજેતરમાં શહેરના વિવિધ સ્થળો પરથી દરોડો પાડીને પ્લાસ્ટીકની વસ્તુઓને પકડી પાડવામાં આવી હતી. થોડા સમય માટે વેપારીઓ પણ તંત્રના ભયને પગલે પ્લાસ્ટીકમાં વસ્તુ આપવાનું પણ બંધ કરી દે છે. પરંતુ તંત્રની ટીમની ધીમી ગતિ થતા શહેરમાં પ્લાસ્ટીકનો વેપાર શરુ થઈ જાય છે. પ્લાસ્ટીક પર્યાવરણ માટે પણ હાનિકારક હોવાથી નાગરીકો તેમજ વેપારીઓએ પણ તેનો બહિષ્કાર કરવાની જરુર છે.

ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ પરિવારનું સ્નેહમિલન યોજાયુ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતી દ્વારા નૂતનવર્ષે સ્નેહમિલન સમારંભ શહેર કોંગ્રેસના પ્રમુખ ડૉ. કૌશિકભાઈ શાહના અધ્યક્ષસ્થાને મળ્યુ હતુ. જેમાં ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી નિશિતભાઈ વ્યાસ, ડૉ. હિમાંશુભાઈ પટેલ, પ્રદેશ કોંગ્રેસના નિરીક્ષક માયાબેન દવે, પ્રદેશ મહિલા કોંગ્રેસના આગેવાન પ્રેમબા હાડા, પ્રદેશ કોંગ્રેસના મંત્રી જયદીપસિંહ ઠાકોર, જીતુભાઈ રાયકા, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના પ્રમુખ સૂર્યસિંહ ડાભી, ગાંધીનગર મહાનગરપાલિકા વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, ગાંધીનગર મહિલા કોંગ્રેસના પ્રમુખ મીનાબેન વાઘેલા, પૂર્વ પ્રમુખોની હાજરીમાં યોજાયુ હતુ. તેમાં ઝોન પ્રમુખો, શહેર કોંગ્રેસના આગેવાનો, કોર્પોરેટો, વિવિધ સેલના ચેરમેનો, વોર્ડ પ્રમુખો, મહીલા કોંગ્રેસ, સેવાદળ, યૂથ કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ. તથા શહેર કોંગ્રેસના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિતથી હોલ ખીચોખીચ ભરાયેલ હતો.

પ્રાસંગિક પ્રવચનમાં માયાબેન દવે નિરિક્ષક, સૂર્યસિંહ ડાભી તેમજ નીશિતભાઈ વ્યાસે પોતાની આગવી શૈલીમાં શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ જે કાર્યકરોએ મધ્યપ્રદેશની વિધાનસભાની ચૂંટણીમાં પ્રચાર કરી આવેલ હોય તેવા કાર્યકરોની કામગીરીની પ્રસંશા કરી હતી. તથા ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ મા જગદંબા તથા દરેકના ઈષ્ટદેવ નવા વર્ષે સુખ-સંપતી-સમૃદ્ધ બક્ષે તેવી શુભકામનાઓ પાઠવી તેમજ મનપામાં સંઘર્ષ કરતા વિપક્ષનેતા તથા તેમની ટીમની કામગીરીને બિરદાવી હતી તેમજ ડૉ. હિમાંશુભાઈ પટેલે નવા વર્ષની શુભકામનાઓ પાઠવી સૌએ સને ૨૦૧૯માં આવનારી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસને બહુમતીથી જીતાડવા નવા વર્ષના શુભ સંકલ્પો કર્યા હતા. સમગ્ર સભાનુ સંચાલન રાજેન્દ્રસિંહ ચાવડા, જોન પ્રમુખે કર્યુ હતુ.

આ પ્રસંગે પ્રદેશ પ્રમુખ અને વિપક્ષી નેતા તેમજ ગુજરાતના ઈન્ચાર્જ હાજર રહેશે તેવી જાહેરાત કરાઈ હતી પણ કોઈ આવ્યા ન હતા તેથી કાર્યકરો નારાજ થયા હતા.

ગુમ બાળકો પ્રશ્ને હાઈકોર્ટે સરકાર પાસે હેવાલ માંગ્યો

ગાંધીનગર, તા.૨૯

રાજયમાં ગુમ થયેલા હજારો બાળકોના મામલે ગુજરાત હાઈકોર્ટમાં થયેલી પીઆઈએલમાં આજે હાઈકોર્ટે રાજય સરકાર પાસે ગુમ થયેલા બાળકોની વિગતો માગી છે. હાઈકોર્ટે ગુમ થયેલ બાળકોની વિગતો સાથેનો અહેવાલ આગામી મુદતે રજૂ કરવા પણ સરકારપક્ષને તાકીદ કરી હતી. રાજયમાં ગુમ થયેલા બાળકો અંગેની જાહેરહિતની રિટ અરજીમાં હાઈકોર્ટે આજે રાજય સરકારને પૃચ્છા કરી હતી કે, રાજયભરમાંથી એક યા બીજા કારણોસર ગુમ થયેલા કે લાપતા બનેલા બાળકોને શોધવા માટે સરકાર શું પગલા લઈ રહી છે. એક તબક્કે હાઈકોર્ટે રાજય સરકારને ટકોર કરી હતી કે જો હજારો બાળકો રાજયમાંથી ગુમ થાય તે ગંભીર બાબત ગણાય. આગામી મુદતે તેનો ખુલાસો કરવાનો પણ હાઈકોર્ટે સરકારને તાકીદ કરી હતી. ઉલ્લેખનીય છે કે, રાજયમાં દરરોજ સંખ્યાબંધ બાળકો ગુમ થઈ રહ્યા છે. જે સરકાર માટે એક ચિંતાનો વિષય બની ગયો છે. બાળકોને શોધવા માટેની જવાબદારી રાજય સરકારે સીઆઈડી ક્રાઈમ સહિત ક્રાઈમ બ્રાંચ તેમજ અન્ય એજન્સીઓને સોંપી છે. બાળકો ગુમ થવાના મામલે ગુજરાત હાઈકોર્ટમાં એક પીઆઈએલ થઈ હતી.

આજરોજ કાલભૈરવ જયંતિ નિમિત્તે વાવોલ ખાતે આવેલ મહાકાળી માતાના મંદિરે કાલભૈરવદાદાનો હવન તથા રાત્રે સમૂહ આરતીનું આયોજન કરાયું હતું તે પ્રસંગની તસવીર.

શનિવારે હેત ફાઉન્ડેશનના કરાઓકે કાર્યક્રમને વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા એનાયત કરાશે

૫૦ વર્ષથી ઉપરના ગાયકોને મળનાર સન્માન પ્રસંગે ફરીથી કરાઓકે સંગીતના સૂર રેલાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં હેત ફાઉન્ડેશન દ્વારા ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી ગત તા. ૨૦મી ઓક્ટોબરે સે. ૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે ૫૦ વર્ષથી વધુ વયના ગાયન રસિકોનો કરાઓકે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેને "વર્લ્ડ રેકોર્ડ-ઈન્ડિયા" દ્વારા નોમીનેશન પ્રાપ્ત થયુ હતું. વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા દ્વારા આગામી તા. ૧લી ડિસેમ્બર શનિવારે આ રેકોર્ડ હેત ફાઉન્ડેશન તથા કાર્યક્રમમાં ભાગ લેનાર ગાયકોને એનાયત કરશે જે માટે ફરી એકવાર કરાઓકે સંગીત સાથે સે. ૧૨માં ડૉ. આંબેડકર હોલમાં સાંજે ૮.૩૦ કલાકે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયાના ચેરમેન પવન સોલંકી પધારશે અને તેમના હસ્તે સંસ્થા અને ગાયકોને એવોર્ડના પ્રમાણપત્રો એનાયત કરાશે. આ પ્રસંગે ગાંધીનગરના જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગા, રાજ્ય સંગીત નાટક અકાદમીના ચેરમેન પંકજ ભટ્ટ, સચિવ જે.એમ. ભટ્ટ, પ્રાંત અધિકારી ઋતુરાજ દેસાઈ, ડેપ્યુટિ મ્યુનિસિપલ કમિશ્નર જે.બી. બારૈયા, પૂર્વમંત્રી તથા પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના પૂર્વ ચેરમેન મહેન્દ્ર ત્રિવેદી, શહેરના અગ્રણીઓ નારણભાઈ પટેલ, જયરાજસિંહ સરવૈયા, આશાબેન સરવૈયા વગેરે ઉપસ્થિત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં પ્રથમવાર કોઈ સંગીત કાર્યક્રમને વર્લ્ડ રેકોર્ડ પ્રાપ્ત થવા જઈ રહ્યો છે ત્યારે તે સાથે યોજવામાં આવેલા કરાઓકે સંગીત કાર્યક્રમને માણવા આયોજક સંજય તન્ના તથા કિરીટકુમાર અગ્રાવત દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

નારોલ ખાતે સોની પાસેથી ૧૧ લાખથી વધુના દાગીનાની લૂંટ

અમદાવાદ, તા.૨૯

શહેરના નારોલ વિસ્તારમાં ગઈ મોડી રાતે રૂ.૧૧.૭૦ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના લઈને ઘરે જઈ રહેલા સોનીની આંખમાં મરચું નાખીને ત્રણ શખ્સોએ લૂંટ ચલાવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. આ બનાવને પગલે સામાન્ય નાગરિકો અને વેપારીઓના જાનમાલની સુરક્ષા અને પોલીસની ભૂમિકા સામે પણ હવે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. ચોંકાવનારી વાત તો એ છે કે, આ જવેલર્સ સોની એકિટવા લઈને જતા હતા ત્યારે તેમની રાહ જોઈને ઊભેલા ત્રણ શખ્સોએ તેમના આંખમાં મરચાંની ભૂકી નાખીને લૂંટની ઘટનાને અંજામ આપ્યો હતો. પોલીસે સમગ્ર મામલે ફરિયાદ નોંધી આરોપી શખ્સોને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે. નારોલ વિસ્તારમાં આવેલ રીષીત રેસિડન્સીમાં રહેતા અને નારોલ ગામમાં અર્બુદા જવેલર્સ નામની સોના-ચાંદીની દુકાન ધરાવતા વિક્રમભાઈ સોનીએ નારોલ પોલીસ સ્ટેશનમાં ત્રણ શખ્સો વિરુદ્ધમાં લૂંટની ફરિયાદ કરી હતી. ફરિયાદની વિગતો મુજબ, વિક્રમભાઈ મૂળ રાજસ્થાનના સિરોહી જિલ્લાના વતની છે અને છેલ્લાં આઠ વર્ષથી નારોલમાં તેમના પરિવાર સાથે રહે છે. વિક્રમભાઈની નારોલ ગામમાં અર્બુદા જવેલર્સ નામની સોના-ચાંદીની દુકાન આવેલી છે. વિક્રમભાઈ જવેલર્સની દુકાનમાં સેફ લોકર નહીં હોવાથી દરરોજ રાતે દુકાન બંધ કરીને તમામ સોના-ચાંદીના દાગીના એક થેલામાં ભરીને પોતાના ઘરે લાવે છે. વિક્રમભાઈએ ચાર દિવસ પહેલા તેમની દુકાન પર દીપક કોલી નામના રાજસ્થાની યુવકને નોકરી પર રાખ્યો હતો. ગઈકાલે રાતે ૬.૨૦ લાખ રૂપિયાનું ૩૧૦ ગ્રામ સોનાના દાગીના અને ૫.૫૦ લાખ રૂપિયાનું ૨૨ કિલો ચાંદી એક થેલામાં મૂકીને વિક્રમભાઈ અને દીપક ઘર તરફ જતા હતા ત્યારે તેમને લૂંટી લેવામાં આવ્યા હતા.

જસદણ ટિકિટને લઈ કોંગ્રેસમાં આંતરિક વિવાદ ચરમસીમાએ

ભોળાભાઇ ગોહિલને ટિકિટ ન આપવા માટે નારાજ જૂથે રાહુલને રજૂઆત કરી : કોંગ્રેસ મોવડીમંડળ પણ ચિંતામાં

અમદાવાદ, તા.૨૯

એક તરફ જસદણ વિધાનસભાની પેટાચૂંટણી આવી રહી છે. બીજી તરફ કોંગ્રેસનો આંતરિક કકળાટ ચરમસીમાએ પહોંચ્યો છે. ફરી એકવાર કોંગ્રેસના આંતરિક વિખવાદના કમઠાણમાં જસદણ બેઠક પર ઉમેદવાર જાહેર કરવાનો મામલો ટલ્લે ચઢયો છે. હવે કોળી સમાજને ટિકિટ આપવી કે પાટીદાર સમાજને ટિકિટ આપવી તે મુદ્દે મડાગાંઠ સર્જાઈ છે, ખુદ કોંગેસ મોવડીમંડળ પણ આ મામલે મૂંઝવણમાં મૂકાયું છે, જેને લઈ જસદણ બેઠક માટે કોંગ્રેસ તરફથી ઉમેદવારનું નામ જાહેર થવામાં હજુ એક-બે દિવસ લાગી શકે છે.

બીજીબાજુ, ગઈકાલે પાટીદારોએ અન્યાય મામલે સામુહિક રાજીનામાની ચીમકી આપ્યા બાદ આજે એક ઈ-મેઈલ બૉમ્બ સામે આવ્યો છે. આ ઈ-મેઈલમાં કોંગ્રેસના નારાજ જૂથ દ્વારા જસદણની ચૂંટણીમાં ભોળાભાઈ ગોહિલને ટિકિટ ન આપવા માટે રાહુલ ગાંધીને રજૂઆત કરવામાં આવી છે. જેને લઈ હવે રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસ માલધારી અગ્રણી રણજીતભાઈ મૂંધવાએ કોંગ્રેસ અધ્યક્ષરાહુલ ગાંધીને એક ઈ-મેઈલ કર્યો છે. જેમાં ભોળાભાઈ ગોહિલને ટિકિટ ન આપવા રજૂઆત કરવામાં આવી છે. સાથે સાથે રાજયસભામાં અહેમદ પટેલને હરાવવા ભોળાભાઈ ગોહિલે પાર્ટી વિરુદ્ધ મત આપ્યો હોવાનો ઉલ્લેખ કર્યો છે અને કુંવરજીભાઈ-ભોળાભાઈ ગુરૂચેલા હોવાથી તેમને ટિકિટ આપવાથી પક્ષને નુકસાન થવાની તેમજ બાવળીયા બહુ આસાનીથી જીતી જશે તેવી દહેશત વ્યકત કરી કોંગ્રેસ હાઈકમાન્ડને ચેતવવાનો પ્રયાસ કરાયો છે.

ઉલ્લેખનીય છે કે, જસદણ પેટા ચૂંટણીને લઈ રાજકારણ ચરમસીમાએ પહોંચ્યું છે ત્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા આ બેઠક પરના પોતાના ઉમેદવારોના નામોની પેનલ તૈયાર કરી દિલ્હી કોંગ્રેસ હાઈકમાન્ડને મોકલી આપી છે. જેને પગલે હવે હાઈકમાન્ડની લીલીઝંડી મળ્યા બાદ ટૂંક સમયમાં જ જસદણ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર જાહેર થવાની શકયતા છે. પેનલમાં અવસર નાકીયા, મનસુખ ઝાપડિયા, વિનુ ધડક અને ગજેન્દ્ર રામાણીના નામોનો સમાવેશ હોવાનું જાણવા મળી રહ્યું છે.

જો કે, અંતિમ નિર્ણય હાઈકમાન્ડ જ લેશે તેવું કોંગ્રેસના સૂત્રોએ સ્પષ્ટ કર્યું હતું. બીજીબાજુ, જસદણ બેઠકની ટિકિટ મેળવવામાં ફરી એકવાર કોંગ્રેસનો આંતરિક વિખવાદ સામે આવ્યો છે. જસદણ બેઠકના મતદારોમાં કોળી સમાજનું પ્રભુત્વ છે અને બીજા નંબરે પાટીદારોના મતોનું મહત્વ છે ત્યારે હવે કોંગ્રેસ પક્ષમાં એ મંડાગાંઠ સર્જાઈ છે કે, કોળી સમાજના ઉમેદવારને ટિકિટ આપવી કે, પાટીદાર સમાજના ઉમેદવારને. કારણ કે, એકબાજુ પાટીદાર સમાજ નારાજ ચાલી રહ્યો છે અને બીજીબાજુ, કોળી સમાજની અવગણના કરવાનું પક્ષને ભારે પડી શકે એમ છે અને બેઠક ગુમાવવી પડે તેવી સ્થિતિ છે, તેથી કોંગ્રેસ મોવડીમંડળ પણ હાલ ભારે દ્વિધાભરી સ્થિતિમાં છે.

જાહેર નોટીસ

હું પોતે શ્રીમતી ગુલશનબેન એસ. વખારીયા, ઉ.વ.આ.-૬૫, રહે. નાની બજાર, સલેમપુરા, મોટા વ્હોરાવાસ, પાલનપુર, મો. ૯૮૯૮૬ ૦૫૨૦૩ કે જેમની મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના સંઘપુર ગામમાં લીઝ પાસ કરાવવા કે ચલાવવા માટે આજરોજ તા. ૨૭/૧૧/૨૦૧૮ના દિવસ પહેલા કોઈપણ બાબતે જો કોઈ પાવર ઓફ એટર્ની કે લખાણ અનુસંધાનમાં અપાઈ ગયું હોય તો, તે વ્યક્તિએ દિન-૧૫માં મારી જોડે આવી ખુલાશો કરવા વિનંતી છે. નહિતર દિન-૧૫ પછી કોઈપણ જાતનું પાવર ઓફ એટર્ની કે લખાણ હશે તો રદ બાતલ ગણાશે. જે હું જાહેર કરું છું.

લી.
ગુલશાનબેન એસ. વખારીયા
પાલનપુર, બનાસકાંઠા